રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા Enterpreneurship Development Institute of India (EDII) નાં સંયુકત ઉપક્રમે “Professionalizing Your Family Business” અંગે તા.૯-૩-૨૦૨૨ ના રોજ સેમિનાર યોજવામાં આવેલ. જેમાં EDII ના ફેમિલી બિઝનેશ એડવાઈઝ ડો. નટરાજન ક્રિષ્નન તથા ફેકલ્ટીશ્રી ઉમેશ શ્રીવાસ્તવ ઉપસ્થિત રહી જાણકારી-માર્ગદર્શન આપેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ ઉપસ્થિત વકતાશ્રીઓ તથા સભ્યોશ્રીઓને આવકારી પારિવારીક વ્યાપારનો ગ્રોથ કેવી રીતે કરવો અને પારીવારીક સભ્યો દ્વારા વ્યાપારને ભવિષ્યમાં કેવી રીતે ટકાવી શકાય તે અંગે આ મહત્વના સેમિનારનું આયોજન કરેલ છે. જે સૌને ખુબ જ ઉપયોગી બની રહેશે. તેમ જણાવેલ.

સેમિનારના મુખ્ય વકતાશ્રી નટરાજન ક્રિષ્નન તથા શ્રી ઉમેશ શ્રીવાસ્તવએ આજના સેમિનારનું આયોજન કરવા બદલ રાજકોટ ચેમ્બરનો આભાર વ્યકત કરેલ. તેમજ પારિવારીક વ્યવસાયને વ્યવસાયિક કેવી રીતે બનાવી શકાય તે માટેના પડકારો, ઉજજવળ તકો તથા તેને આનુશાંગીક વિવિધ પાસાઓની પાવર પોઈન્ટ પ્રઝન્ટેશન દ્વારા સંપુર્ણ જાણકારી આપેલ.

શ્રી ઉમેશ શ્રીવાસ્તવએ EDII ખાતે ચાલી રહેલ ઉદ્યોગસાહસીક બનવાની તકો અને Enterpreneurship માં પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાં મેનેજમેન્ટ પ્રોગ્રામની મુખ્ય લાક્ષણીકતાઓ અંગે વિગતવાર માહિતી આપેલ.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા સરકારશ્રી તથા વિભાગો દ્વારા જાહેર કરાતા નવા નિતી નિયમો તથા પોલીસીઓ તેમજ વેપાર-ઉદ્યોગને આનુશાંગીક વિષયોની સંપુર્ણ જાણકારી સભ્યશ્રીઓ તથા આમ જનતાને મળી રહી તે માટે અવાર-નવાર સેમિનારો તથા મિટીંગોનું આયોજન કરવામાં આવે છે. આવનારા દિવસોમાં વેપાર-ઉદ્યોગકારો પોતના વ્યવસ્યાનો વિકાસ કઈ રીતે કરી શકે અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય બજારમાં પોતાનું વર્ચસ્વ ટકાવી શકે તે માટે આ સેમિનાર ખુબ જ મહત્વનો સાબીત થશે. તેમ જણાવેલ. સેમિનારના અંતે રાજકોટ ચેમ્બરના ખજાનચીશ્રી વિનોદભાઈ કાછડીયા દ્વારા ઉપસ્થિત વકતાશ્રીઓ તથા સભ્યોશ્રીઓનો સેમિનારમાં હાજરી આપવા બદલ આભાર વ્યકત કરી સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરેલ. તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની અખબારી યાદીમાં જણાવેલ છે.